44

Entry બાકી (ASK)

(૫૫૯)

ક્રમાંકઃવીડબલ્યુએસ/૧૦૯૮/૧૩૨૧/ખ–૪
નર્મદા,જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૦–૨–૧૯૯૯.

**પ્રતિ,**
**સભ્ય સચિવશ્રી,**
ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ,
**ગાંધીનગર.**

**વિષયઃ હેન્ડપંપની મરામત નિભાવણી ગ્રામ્ય/તાલુકા પંચાયતને સોંપવા બાબત.**

**સંદર્ભઃ (૧)** ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ,ગાંધીનગરના પત્રાંકઃમુઈ.(યાં)૧૦૯૮/હેન્ડપંપ/ રીપેરીંગ/ એમ–૩/૫૪૨ તા.૮–૫–૯૮.

**(૨)** આ વિભાગના ઠરાવ ક્રમાંક/બીયુડી/૧૦૯૮/૯૧૬/ખ–૩ તા.૯–૧૨–૦૮.

નકલ પંચાયત વિભાગ અને ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડને.

ઉપરોક્ત વિષયે સંદર્ભિત પત્ર–૧ અંગે આદેશનુસાર જણાવવાનું કે ગુજરાત રાજયની ગ્રામ્ય વિસ્તારના હેન્ડપંપની મરામત અને નિભાવણીની કામગીરી ગ્રામ પંચાયત કક્ષાએ હાથ ધરાય તે માટે એશીયન ડેવલેપમેન્ટ બેંક દ્વારા ભલામણ ઓછી વસ્તીવાળા અથવા હેન્ડપંપ કાર્યક્રમવાળા ગામોના હેન્ડપંપના મરામત અને નિભાવણી માટે વિચારણા કરવામાં આવેલ. સર્વે પાસાઓની વિચારણાને અંતે નીચે પ્રમાણે ભલામણ સ્વીકારેલ છે.

(૧) જે ગામમાં કાર્યરત હેન્ડપંપની સંખ્યા ૧ થી ૫ સુધીની હોય ત્યાં હેન્ડપંપની મરામત અને નિભાવણી માટે વાર્ષિક રૂ.૬૦૦ (હેન્ડપંપ દીઠ) અને જે ગામમાં છથી વધારે કાર્યરત હેન્ડપંપ હોય ત્યાં ૫૦૦/– હેન્ડપંપ સહાયક અનુદાનની રકમ ગ્રામ પંચાયતને ફાળવવાની રહેશે

(૨) હેન્ડપંપની મરામત–નિભાવણી માટે જરૂરી સ્પેરપાર્ટસની કિંમત જે તે ગ્રામ પંચાયત/સ્થાનિક સંસ્થાએ ભોગવવાની રહેશે.

(૩) જે ગામોએ હેન્ડપંપ કાર્યરત્ રહે તે માટે ૩૨ મી.મી. જી.આઈ. પાઈપ લાઈન બોરમાં વધારવાની જરૂરીયાત જણાય ત્યાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સ્થાનિક અધિકારી દ્વારા ચકાસણી બાદ વિના મુલ્યે આપવામાં આવશે. પરંતુ અનુદાન સાથે પાઈપની અને સર્વે હેન્ડપંપની કુલ વાર્ષિક રકમ રૂા.૧૫,૦૦૦ થી વધવી ન જોઈએ.

આ પાઈપોની જરૂરીયાત માટે ગ્રામ પંચાયતે ઠરાવ અને પાઈપો મળ્યાની પહોંચ સરપંચ/ઉપસરપંચ/તલાટી કમ મંત્રીએ આપવાની રહેશે. આ પાઈપોના આવક વપરાશનું ગ્રામ પંચાયતના તલાટી મંત્રીશ્રીએ રજીસ્ટર પણ રાખવાનું રહેશે. ફરીવાર પાઈપો માંગતા પહેલા અગાઉ પાઈપો વપરાશની ચકાસણી પાણી પુરવઠા બોર્ડના અધિકારીશ્રીએ કરવાની રહેશે.

(૪) જે સ્થાનિક સંસ્થાઓ સ્વૈચ્છિક રીતે આ કામગીરી સંભાળવા સંમત હોય તો ગ્રામ પંચાયતોને ઉપરોકત નિયમોનુસાર હેન્ડપંપ મરામત અને નિભાવણીની કામગીરી સોંપવાની રહેશે.

(૫) સંદર્ભિત પત્ર–૨ ના ઠરાવમાં જણાવેલ તા.૨૧–૪–૯૫ ના ઠરાવ મુજબ ગામમાં પાણી સમિતિની રચના કરી પાણી સમિતિએ હેન્ડપંપની મરામત–નિભાવણી ઉપર મુજબ નિયમ અનુસાર કરવાની રહેશે.

(૬) બાકીની વિગતો વંચાણે લીધેલ અનુસંધાનિત પત્ર–૨ ના ઠરાવ મુજબની રહેશે. ૫૦૦ માણસોથી વધારે વસ્તીવાળા ગામો માટે પણ આ બાબત અમલમાં રહેશે.

બોર્ડ સ્તરે આ અંગે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી.

નાયબ સચિવ
નર્મદા,જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ

**નકલ રવાના :**

– નાયબ સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– નિયામકશ્રી, આઈ.ઈ.સી./એચ.આર.ડી. સેલ, ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ, સેકટર નં.૧૬, ગાંધીનગર.